Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com


# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 18 DATE: 16- 12 -2025 (વિક્રમ સંવત ૨૦૮૨ માગસર વદ અગિયારસ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# એફ્લુઅન્ટ વોટરમાં COD ટાઈટ્રેશનમાં રહેલી ખામી ઉજાગર કરી ઉકેલ આપવા બદલ નંદેસરીના બાબુભાઈ પટેલને ISAS આત્મનિર્ભરતા એવાર્ડ -૨૦૨૫ એનાયત કરાશે



નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના ચેરમેન બાબુભાઈ પટેલને ઈન્ડીયન સોસાયટી ઓફ એનાલિટિકલ સાયન્ટીસ્ટ, મુંબઈ દ્વારા ISAS આત્મનિર્ભરતા એવાર્ડ-૨૦૨૫ માટે પસંદગી કરવામાં આવી છે. તેમને આ એવોર્ડ ભારતીય વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસમાં અનન્ય ફાળો આપવા બદલ આપવામાં આવશે.જે નંદેસરી, વડોદરા, ગુજરાત માટે ગર્વની બાબત છે. આગામી ૨૨ જાન્યુઆરીએ કર્ણાટકના બેલગાવીના શિવબસવનગર ખાતે યોજાનાર ઈન્ટરનેશનલ એનાલિટિકલ સાયન્સ કોંગ્રેસ (IASC -2026) માં આ એવોર્ડ એનાયત કરવામાં આવશે.

એવોર્ડ નિર્ધારીત કરનાર જ્યુરીમાં ઈન્ડિયન સોસાયટી ઑફ એનાલિટિકલ સાયન્ટિસ્ટ્સ (ISAS)ના ચેરમેન તથા એવોર્ડ કમિટીના સભ્યો અને તિરુવનંતપુરના વિક્રમ સારાભાઈ સ્પેસ ઈન્સ્ટિટ્યૂટના વૈજ્ઞાનિકો સામેલ હતા.

ISAS એ ભારતના વિવિધ વિષયના વૈજ્ઞાનિકો ટેક્નોલોજીસ્ટનો મંચ છે. તેમણે પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે ઔદ્યોગિક ગંદા પાણીની ટ્રીટમેન્ટ ટેક્નોલોજી, પ્રદૂષણ નિયંત્રણ તથા સર્ક્યુલર ઈકોનોમીના અમલીકરણ ક્ષેત્રે આપના મૂલ્યવાન યોગદાનને હૃદયપૂર્વક સરાહે છે. જ્યારે દેશ સ્વાતંત્ર્યના શતાબ્દી વર્ષ ૨૦૪૭ સુધીમાં મોટા વિકાસલક્ષી લક્ષ્યો હાંસલ કરવાની યોજના બનાવી રહ્યો છે ત્યારે ISAS આપને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રણી પર્યાવરણ નિષ્ણાત તરીકે તથા ભારતીય વિજ્ઞાન અને ટેક્નોલોજીના વધુ વિકાસ માટે એક મહત્ત્વપૂર્ણ "ભારતીય જ્ઞાન સંપત્તિ" (Great Indian Knowledge Asset ) તરીકે સન્માને છે.

ISAS એ ભારતીય વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસ માટે આપના વિશિષ્ટ યોગદાનની કદરરૂપે આપને પ્રતિષ્ઠિત "ISAS આત્મનિર્ભરતા એવોર્ડ–૨૦૨૫" એનાયત કરવાનો નિર્ણય લીધો છે.

તેમણે એફ્લુઅન્ટમાં ક્લોરાઈડની હાજરીથી COD ની ગણતરી પ્રભાવિત થાય છે તે તેમના જાત અનુભવે જોયું અને નિહાળ્યું. અનેક મથામણો પછી તેનો સ્વ ઉકેલ શોધ્યો.

યુએસની APHA દ્વારા પ્રકાશિત" સ્ટાન્ડર્ડ મેથડ્સ"માં દર્શાવેલી COD (Chemical Oxygen Demand) પરીક્ષણ પદ્ધતિમાં, પ્રવાહીના (એફ્લુએન્ટ) નમૂનાઓમાં વધુ ક્લોરાઈડની હાજરીથી થતા અવરોધને ધ્યાનમાં લેવા માટે કરાયેલ ફેરફાર માટે આ એવોર્ડ આપવામાં આવ્યો છે. આ ફેરફારને સત્તાવાર રીતે સ્વીકારવામાં આવ્યો છે. વધુ ક્લોરાઈડ ધરાવતા COD વેસ્ટવોટર માટે વર્તમાન COD પદ્ધતિમાં ક્લોરાઈડ અવરોધ ઉભો કરે છે, જ્યારે COD કોઈ ઉદ્યોગમાંથી થતી પ્રદૂષણ ક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટેનો મુખ્ય પરિમાણ છે.

સ્ટાન્ડર્ડ મેથડ્સમાં આપવામાં આવેલી પદ્ધતિ સ્પષ્ટ રીતે જણાવે છે કે આ પદ્ધતિ ક્લોરાઈડની સાંદ્રતા 2000 mg/L કરતાં ઓછી હોય ત્યારે જ લાગુ પડે છે. ક્લોરાઈડની સાંદ્રતા 2000 mg/L કરતાં વધુ હોય ત્યારે અન્ય પદ્ધતિઓ અનુસરવાની સૂચના આપવામાં આવી છે.

બાબુભાઈ પટેલ દ્વારા "બેક ટાઈટ્રેશન (Back Titration)" પદ્ધતિ રજૂ કરવામાં આવી, જેમાં પહેલા ક્લોરાઈડનું માપ લેવામાં આવે છે અને ત્યારબાદ COD માપવામાં આવે છે. એફ્લુએન્ટ નમૂનામાં જેટલી ક્લોરાઈડ સાંદ્રતા હોય એટલી જ ક્લોરાઈડ સાંદ્રતા ધરાવતો એક કૃત્રિમ નમૂનો તૈયાર કરવામાં આવે છે અને તેમાં પણ COD માપવામાં આવે છે. ક્લોરાઈડ નમૂનામાં મળેલો COD મૂળ નમૂનામાં માપવામાં આવેલા CODમાંથી બાદ કરવામાં આવે છે, જેથી વાસ્તવિક (True) COD પ્રાપ્ત થાય છે.

આ સુધારાને વર્ષોની ચર્ચા અને વિચારણા બાદ સ્ટાન્ડર્ડ મેથડ્સ કમિટીએ સ્વીકાર્યો છે અને જાન્યુઆરી ૨૦૨૩માં અમેરિકન પબ્લિક હેલ્થ એસોસિએશન (APHA) અને અમેરિકન વોટર વર્ક્સ એસોસિએશન (AWWA) દ્વારા પ્રકાશિત "સ્ટાન્ડર્ડ મેથડ્સ"ના તાજેતરના ૨૪મા સંસ્કરણમાં પ્રકાશિત કરવામાં આવ્યો છે.

## ટોયો ઈન્ક ઈન્ડિયા દહેજ સાઈટ પર લિક્વિડ ઈન્ક્સની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરશે

જાપાનની ડાયવર્સિફાઈડ કેમિકલ્સ કોંગ્લોમરેટ આર્ટિએન્સ ગ્રુપની સભ્ય કંપની ટોયો ઈન્ક ઈન્ડિયા પ્રા. લિ. એ દેશના પેકેજિંગ માર્કેટમાંથી વધી રહેલી માંગને પહોંચી વળવા માટે તેના દહેજ સ્થિત પ્લાન્ટમાં લિક્વિડ ઈન્ક્સ ની ઉત્પાદન ક્ષમતા વધારવા નો નિર્ણય કર્યો છે.

નવું ઉત્પાદન એકમ જે વર્ષ ૨૦૨૮માં સંપૂર્ણ રીતે ઓપરેશનલ થવાનું નિર્ધારિત છે. કંપનીની કુલ ઉત્પાદન ક્ષમતા માં અંદાજે ૧.૫ ગણો વધારો આવવાની અપેક્ષા છે.

ઉત્પાદન ક્ષમતામાં વિસ્તરણનો આ નિર્ણય એ સમયગાળામાં લેવામાં આવ્યો છે જ્યારે ભારતભરમાં વધતી માંગને કારણે કંપનીનો દહેજ પ્લાન્ટ લગભગ ફુલ કેપેસિટી યુટીલાઈઝેશન નજીક પહોંચી ગયો છે. આ વિસ્તરણ ભારતના લિક્વિડ ઈન્ક્સ માર્કેટમાં નેતૃત્વ મેળવવાની દિશામાં કંપનીની યાત્રામાં એક મહત્વપૂર્ણ ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે. એમ ટોયો ઈન્ક ઈન્ડિયા ખાતે લિક્વિડ ઈન્ક અને પ્લાસ્ટિક કલરન્ટ બિઝનેસ યુનિટ હેડ શેખર બરુઆએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, અમારો દહેજ પ્લાન્ટ માત્ર ભારતની જરૂરિયાતોને જ નહીં પરંતુ ભવિષ્યમાં પ્રાદેશિક સ્તરે એક્સપોર્ટ હબ તરીકે પણ અમને મજબૂત સ્થિતિમાં મૂકશે.

ટોયો ઈન્ક ઈન્ડિયાની લિક્વિડ ઈન્ક્સ કામગીરીની શરૂઆત વર્ષ ૨૦૧૧માં ઈમ્પોર્ટ આધારિત બિઝનેસ તરીકે થઈ હતી. ત્યારબાદ ૨૦૧૩માં દિલ્હીમાં પ્લાન્ટ શરૂ થતાં લોકલ મેન્યુફેક્ચરિંગ ની શરૂઆત થઈ. અને ૨૦૨૧માં ગુજરાત પ્લાન્ટ કાર્યરત થયો. ભારતીય બજાર ની જરૂરિયાતોને અનુરૂપ ઉત્પાદનો ઝડપથી રજૂ કરીને કંપનીએ સતત પોતાની બ્રાન્ડ પાવર મજબૂત કરી છે તથા માર્કેટ શેર માં વધારો કર્યો છે.

ટોયો ઈન્ક ઈન્ડિયા એ એક સિંગલ-સોર્સ ઈન્ટિગ્રેટેડ પેકેજિંગ અને પ્રિન્ટિંગ સોલ્યુશન્સ પ્રોવાઈડર તરીકે જાણીતી છે. કંપનીનો પ્રોડક્ટ પોર્ટફોલિયો વિવિધ ઔદ્યોગિક બજારો માટે ઈન્ક્સ, કોટીંગ, કલર મટીરીયલ્સ તથા અન્ય અદ્યતન પ્રિન્ટિંગ સોલ્યુશન્સ નો સમાવેશ કરે છે.

M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

ASP
ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code:
ASME, TEMA, API-650.
aspchem.com
GMP REACTOR
STORAGE VESSELS & TANKS
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com

M.D. PATEL +91 98241 01133
MEGA MACHINERY
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA

OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS
Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687

SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
• Graphite Heat Exchanger
• Graphite Condenser
• Graphite Reboiler
• Graphite Falling Film Absorber
• Graphite Ejector
• Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat

JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
• All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
• Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
• PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
• All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT BROIL BROTEK BI YTC SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

## તંત્રીલેખ

### ઓનલાઈન શોપિંગ અફીણ

સંસદનું શિયાળુ સત્ર ચાલુ છે. કેન્દ્રના અગ્રતાક્રમમાં આથક બાબતો કેવીક છે એની અગ્નિ પરીક્ષા આ સત્રમાં હોય છે પણ એનો તો ક્યાંય અણસાર નથી. થોડા દિવસ પછી કદાચ આગામી બજેટ સત્રના સંદર્ભમાં એનો આરંભ થાય. ભારતીય અર્થતંત્ર બેઠું ન થાય એ માટે શત્રુઓ સક્રિય છે અને એનાથી ભાજપ સરકાર અજ્ઞાત ન હોવા છતાં સજાગ નથી. ઓનલાઇન બજારનું વાસ્તવિક બજારો પર ભીષણ આક્રમણ ચાલુ છે અને એમાં અનેક મલ્ટીનેશનલ કંપનીઓ જોડાયેલી છે. ભાજપ સરકાર એકલી આ વર્તમાન મંદી માટે જવાબદાર નથી. ભાજપની ભૂલો છે અને ગંભીર પ્રકારની જગજાહેર ભૂલો છે. પરંતુ પરદા પાછળના વ્યાપારિક વિદેશી આક્રમણો પણ ઓછા નથી. આજકાલ કેટલીક નામી ઓનલાઈન કંપનીઓ ભારતમાં ખોટ ખાઈનેય પોતાના વ્યાપારનું ટર્નઓવર કે વોલ્યુમ વધારી રહી છે. અફીણ જેવું ઓનલાઈનનું વ્યસન ભારતીય બુનિયાદી બજારોને અતિશય નુકસાન કરી રહ્યું છે. જેની સામે સરકાર સ્વયં પણ દિગ્મૂઢ છે. ગયા વરસે એક વિખ્યાત ઓનલાઈન કંપનીએ એના ભારતના વ્યાપારમાં રૂપિયા સાત હજાર કરોડની કુલ ખોટ કરી છે. આ ચાલુ નાણાંકીય વરસની ખોટ પણ ૬૦૦ કરોડ સુધી તો પહોંચી ગઈ છે.

આ ખોટનું મુખ્ય કારણ એ છે કે ભારતીય પ્રજાને ઓનલાઈનની ટેવ પાડવા અને બુનિયાદી ભારતીય બજારોને ખતમ કરવા માટે આ કંપનીઓ એક તો બલ્કમાં ખરીદી કરવા ઉત્પાદકો પાસેથી બહુ સસ્તી અને નીચી કિંમતે માલ ઉપાડે છે અને પછી તે પોતાની પડતર કિંમતથીય ખોટ ખાઈને વધુ નીચા ભાવે ઓનલાઈન માલ વેચે છે. એટલે એમને હજારો કરોડની ખોટ ભોગવવાની આવે છે જે તેઓ હરખથી ભોગવે છે. કારણ કે અફીણનો નશો એનો રંગ બતાવ્યા વિના રહેતો નથી. આજે ભારતીય બજારોમાં ઓનલાઈન શોપિંગની વૃત્તિ ધરાવતા જનમાનસને કારણે વિકરાળ પરિણામો હવે સપાટી પર જોવા મળવા લાગ્યા છે. આપણા દેશમાં આમ તો છેલ્લા બે-ત્રણ વરસથી ઓનલાઈન શોપિંગ સામે સ્થાનિક વેપારીઓના દેખાવો અને નિવેદનો થતા રહ્યા છે પણ એનાથી કોઈ ફેર પડયો નથી અને પડવાનો નથી. એ માટે કેન્દ્ર સરકારે કેટલાક આકરા નીતિગત નિર્ણયો લેવા પડે એમ છે જે હજુ પેન્ડિંગ છે.

દેશમાં રાજકારણ એની તમામ મર્યાદાઓ ઓળંગીને લોકજીવનમાં હદ કરતાં વધારે પ્રવેશી ગયું છે. લોકમાનસ પર વિકાસ કે નવોન્મેષને બદલે રાજકારણની જબરજસ્ત પક્કડ છે. લોકો રાજકીય વિચાર, પ્રચાર અને વાર્તાલાપમાંથી ઊંચા જ આવતા નથી. કોઈ વાર એમ લાગે કે આ દેશમાં જાણે કે એક રાજકારણ જ ચાલે છે અને બાકી બધું સ્થગિત છે. અથવા તો રાજકારણના હસ્તક્ષેપ વિના કોઈ પણ ક્ષેત્રમાં કંઈ ચાલતું નથી અને બધું જ સ્થગિત છે. છતાં આને અતિશયોક્તિ માની લઈએ તોય દેશના કરોડો દિશાશૂન્ય બેરોજગારો પર નજર કરો ત્યારે અંદાજ કંઈક સાચો લાગે. ભારત બહુરત્ના વસુંધરા ધોરણસરનો દેશ છે અને પ્રતિભાઓ ઠેર ઠેર વેરાયેલી પડી છે. એને મુખ્ય પ્રવાહમાં લાવીને સકારાત્મક રીતે સક્રીય કરવામાં જો વર્તમાન કેન્દ્ર અને રાજ્ય સરકારો વિફળ જશે તો રાજનેતાઓના ખેલ બહુ લાંબા ચાલવાના નથી એ હકીકત છે.

કારણ કે દરરોજ સાંજે ઘરમાં પરિવારના બધા સભ્યો એકછત્ર હેઠળ ટોળે વળે છે અને આર્થિક ઉદ્ધાર સંબંધિત વિમાસણમાં પડે છે. પરિવારના નવી પેઢીના યુવક-યુવતીઓને રોજગારી અપાવવી એ સહુથી મોટો પડકાર છે. દેશમાં બેરોજગારીના નવા નવા આંકડાઓ છપાતા રહે છે અને હજુ એ તો સમયાંતરે પ્રગટ થતા જ રહેવાના છે. કેન્દ્ર સરકારની એક બહુસંખ્ય અધિકારી તથા નેતૃત્વની ટુકડી પાકિસ્તાન વિરુદ્ધ પ્રચાર કરવામાં એટલી બધી વ્યસ્ત છે કે વતન ભારતની સમસ્યાઓ તરફ તેઓ ભાગ્યે જ કોઈ ઉદગાર અભિવ્યક્ત કરી શકે છે. પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય તખ્તા પર પૂરતી બદનામી આપણે અપાવી છે જે હકીકત પણ છે અને પાકિસ્તાનમાં એક આતંકવાદી રાષ્ટ્ર તરીકેની સર્વ (અ)યોગ્યતા વિદ્યમાન છે. પરંતુ એનો અતિરેક થઈ રહ્યો છે અને ઘરઆંગણાના પ્રગતિશીલ કાર્યો પડતર રહી ગયા છે જેનો પણ બેરોજગારી અભિવૃદ્ધ કરવામાં પરોક્ષ ફાળો છે. એટલું જ ધ્યાન દેશના બેરોજગારો પર આપવામાં આવે તો સમગ્ર ભારતીય અર્થતંત્રને નવજીવન મળી શકે એમ છે.

હમણાં કેરળની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પરિણામો આવ્યા જેમાં કોંગ્રેસ તથા પ્રાદેશિક બહુ આગળ છે અને ભાજપ પાછળ છે. છતાં ભાજપે એકલે હાથે મહાપાલિકાઓમાં જોર બતાવ્યું છે. વોટ ચોરી પ્રકરણને કારણે ભાજપની એક સારા શાસનકર્તા તરીકેની મુદ્રા ઝાંખી પડતી જાય છે.

# ભારતમાં ૭૧ ટકા લોકો પોષણયુક્ત આહાર લઈ શકતા નથી



દુનિયામાં ચારે તરફ યુદ્ધનો, સંઘર્ષનો, પીડાનો, એકબીજા સામે આક્રોશનો માહોલ છે ત્યારે એક એવી બાબત સામે આવી છે જેના ઉપર ખરેખર વિચાર કરવો જોઈએ. તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્રનો એક અહેવાલ આવ્યો છે જેણે જણાવ્યું છે કે દુનિયામાં આજે પણ ૪૨ ટકા લોકો એવા છે જે પોષણયુક્ત ભોજનનો ખર્ચ ઉપાડી શકતા નથી. તેઓ બે ટંક ભોજન તો કરે છે પણ તેમને પોષણયુક્ત ભોજન મળતું નથી. વૈશ્વિક નીતિઓ, બજારોની સ્થિતિ, આર્થિક અસમાનતા અને સામાજિક અસમાનતાની સામે ઉઠેલા એવા સવાલો છે જેનો કોઈની પાસે નક્કર જવાબ નથી. વિશ્વના અંદાજે ૩૦૦ કરોડથી વધારે લોકો પોષણયુક્ત ભોજન કરી શકતા નથી. ઉલ્લેખનીય છે કે, કોરોના પહેલાં આ આંકડો ૨૮૨ કરોડની આસપાસ હતો.

જાણકારો માને છે કે, માણસને બે ટંક પૌષ્ટિક ભોજન કરવા જેવો સામાન્ય અધિકાર છે તે પણ તેને મળતો નથી. બજારમાં થઈ રહેલી ઉથલપાથલ અને સામાજિક અસમાનતાઓના કારણે માણસને ભોજન પણ ન મળી રહે તેવા વિશ્વનું કોઈ અર્થ જ સરતો નથી. વૈશ્વિક સ્તરે આફ્રિકા, સાઉથ એશિયા અને લેટિન અમેરિકાના ઘણા દેશોમાં ખાદ્ય સંકટ છે. ઘણા વિસ્તારોમાં લોકોને પૌષ્ટિક ભોજન મળતું નથી. સહારા ક્ષેત્ર અને આફ્રિકાના કેટલાક વિસ્તારોમાં તો ૮૦ ટકા વધારે લોકોને પૌષ્ટિક ભોજન નહીં મળતું હોવાના અહેવાલો છે. બીજી તરફ યુરોપ, ઓસ્ટ્રેલિયા અને ઉત્તર અમેરિકા જેવા ક્ષેત્રોમાં લોકોને સારું અને પૌષ્ટિક ભોજન મળી શકે તેમ છે પણ ત્યાંના લોકો ફાસ્ટફૂડની પાછળ અને પ્રોસેસ્ડ ફૂડની પાછળ વધારે ઘેલા થયા છે. તેના કારણે ઓબેસિટી અને અન્ય લાઈફસ્ટાઈલ ડિસિઝનું પ્રમાણ વધી ગયું છે.

દુનિયાનું ચિત્ર જે હોય તે પણ ભારતની સ્થિતિ વધારે ભયાનક છે. ભારતમાં વિકાસ થતો હોવાના દાવા કરાય છે, પોસ્ટરો બનાવાય છે, વાતો કરાય છે પણ વાસ્તવિકતા અત્યંત ભયાનક છે. ભારતના વિકાસની વિશાળ ઈમારતના પાયામાં કુપોષણનો લુણો લાગેલો છે અને તેના તરફ કોઈ નજર કરતું નથી. ભારતમાં ભોજન અને પોષણનું સંકટ વ્યાપક રીતે વકરેલું છે. ભારતમાં ૫૬ ટકાથી ૭૧ ટકા લોકો પૌષ્ટિક અને સ્વસ્થ ભોજન પ્રાપ્ત કરી શકતા નથી. તે ઉપરાંત ગત વર્ષે આવેલો એક અહેવાલ જણાવતો હતો કે, ભારતના ૬ થી ૨૩ મહિના સુધીના ૭૭ ટકાથી વધારે બાળકો કુપોષણનો શિકાર છે. મધ્ય ભારતમાં કુપોષણનું પ્રમાણ સૌથી વધારે છે.

દેશમાં કુપોષણ અને ભોજન સંબંધિત સમસ્યાઓને બે ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. ગ્રામીણ ભારતમાં આજે પણ કુપોષણ, આર્યનની ઉણપ, ઓછું વજન, હિમોગ્લોબિનની ઉણપ જેવી બિમારીઓનું પ્રમાણ ખુબ જ વધારે છે. બાળકો અને મહિલાઓની પોષણની સ્થિતિ વધારે ચિંતાજનક છે. બીજી તરફ શહેરી ભારતમાં ભોજન મળી તો રહે છે પણ તેની ગુણવત્તા સૌથી મોટો સવાલ ઊભો કરી રહી છે. સમયનો અભાવ, કામનો તણાવ અને ઝડપી કામગીરીને પગલે પેકેટ ફુડ, જંક ફુડ, પ્રોસેસ્ડ ફુડ અને ઠંડાપીણા રોજિંદા જીવનમાં ભોજનનો પર્યાય બની ગયા છે. એક તરફ કુપોષણ અને બીજી તરફ અતિપોષણ જેવી સ્થિતિ સર્જાઈ છે જે એકંદરે તો ભારતીય સમાજને મોટી હાની પહોંચાડી રહ્યા છે.

દેશમાં વધી રહેલી મોંઘવારીના કારણે દરેક વ્યક્તિ મુશ્કેલીમાં છે. ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા છે અને રોજિંદી જરૂરિયાતો પૂરી કરવામાં પણ સંઘર્ષ કરવો પડી રહ્યો છે જે ખરેખર ચિંતાજનક છે. દાળ, ખાદ્યતેલ, શાકભાજી, ફળ, દૂધ, કઠોળ, અનાજ વગેરેના ભાવ સતત વધે છે અને ગમે ત્યારે અસંતુલિત થઈ જાય છે. તેના પગલે જ લોકોના ભોજનમાં પણ અસંતુલન આવી રહ્યું છે. હાલમાં સ્થિતિ એવી છે કે, ભારતનો એક સરેરાશ પરિવાર પોતાની આવકનો અડધા કરતા વધારે હિસ્સો માત્ર કેલરી આધારિત ભોજન મેળવવામાં જ ખર્ચ કરી કાઢે છે. પૌષ્ટિક ભોજન આજે પણ તેમની પહોંચથી દૂર છે. આ સ્થિતિ જ જણાવે છે કે, પૌષ્ટિક ભોજનનો અભાવ માત્ર બજારની સમસ્યા નહીં પણ સામાજિક સુરક્ષાના અધિકારને પણ વેરવિખેર કરી નાખતી સમસ્યા છે. સમજવા જેવી બાબત છે કે, ભારતમાં આજે પણ ખેતીનો એક મોટો વર્ગ માત્ર ચોમાસા ઉપર આધારિત છે.

છેલ્લાં ઘણા સમયથી પલટાયેલી વાતાવરણની સ્થિતિ, ગ્લોબલ વૉર્મિંગના કારણે ભારતમાં વરસાદ, તાપ અને ઠંડીનું પ્રમાણ પણ અસંતુલિત થઈ ગયું છે. વરસાદના અયોગ્ય પ્રમાણના કારણે ખરીફ પાકમાં સમસ્યા આવી રહી છે. તેના કારણે ઉત્પાદકો હેરાન થઈ રહ્યા છે. તેમની પાસેથી પૂરતો માલ યોગ્ય ભાવમાં બજાર સુધી જતો નથી તેના કારણે બજારમાં ભાવ વધે છે.

બીજી વાત એવી છે કે, ભારતની ખાદ્ય સુરક્ષાની નીતિઓ જોઈએ તો તે મોટાભાગે ઘઉં અને ચોખા જેવા અનાજ ઉપર જ આધારિત છે. ખરેખર વ્યક્તિને સ્વસ્થ શરીર માટે વિવિધ પોષક તત્ત્વોની જરૂર પડે છે અને વર્તમાન સ્થિતિમાં લોકો તે મેળવી શકે તેવી હાલતમાં નથી.

ભારતમાં ફળો, ઈંડા, શાકભાજી, દાળ, કઠોળ, ડેરી પ્રોડક્ટ જેવી ખાદ્ય સામગ્રીઓ જાહેર વિતરણ કે સરકારી પોષણ કાર્યક્રમોનો ક્યારેય ભાગ બની શક્યા નથી. તેના કારણે મધ્યાન ભોજનમાં પણ પૂરતા પ્રમાણમાં પૌષ્ટિક ભોજનનો લાભ મળતો નથી. તેના કારણે બાળકોને સંપૂર્ણ ભોજન મળતું નથી અને તેઓ પૌષ્ટિક ભોજનથી વંચિત રહે છે. દુનિયાના એવા ઘણા દેશો છે જેણે ભોજનને રાષ્ટ્ર વિકાસનો પાયો બનાવીને કામગીરી કરી અને અદ્વિતિય સફળતા પ્રાપ્ત કરી છે. બ્રાઝિલની ભુખમરાની ઝીરો ટોલરન્સ નીતિ અને અભિયાન તેનું ઉત્તમ ઉદાહરણ છે. તેના દ્વારા સ્થાનિક ખેતીને પ્રોત્સાહન મળ્યું, ખેત પેદાશો અને એગ્રી પ્રોડક્ટ સાથે સંકળાયેલા ઉદ્યોગોને સબસિડી મળી અને પોષણ કાર્યક્રમો દ્વારા લાખો લોકો સુધી પૌષ્ટિક ભોજન પહોંચાડી શકાયું.

અન્ય દેશોની વાત કરીએ તો જાપાનમાં શોકુ ઈકુ નીતિ હેઠળ બાળકોનો ભોજનનું વિજ્ઞાાન સમજાવવામાં આવ્યું. એક એવું માળખું તૈયાર કરવામાં આવ્યું કે, ભોજન માત્ર ખાવાની વસ્તુ નહીં પણ સંસ્કૃતિ, સમજ, સમાજ અને સ્વાસ્થ્યનો આધાર બની રહે. સાઉથ કોરિયામાં પણ પ્રોસેસ્ડ ફૂડ ઉપર સખત નિયંત્રણો મુકવામાં આવ્યા છે જેના કારણે લાઈફસ્ટાઈલ ડિસિઝમાં મોટાપાયે ઘટાડો જોવા મળ્યો છે. ભારતે આ દેશો પાસેથી બોધપાઠ લઈને પોતાના કાર્યક્રમોને વધુને વધુ વૈજ્ઞાાનિક દ્રષ્ટિકોણવાળા અને આધુનિક બનાવવા જોઈએ. આમ જોવા જઈએ તો પોષણના અભાવની અસર માત્ર વ્યક્તિગત સ્તરે નહીં પણ વ્યાપક સ્તરે પડે છે. તેનાથી કાર્યક્ષમતા, શિક્ષણ, ઉત્પાદકતા વગેરે પ્રભાવિત થાય છે. નબળા અને કુપોષિત બાળકો સ્કુલમાં સારો દેખાવ કરી શકતા નથી. કુપોષિત યુવાનો સમાજમાં સક્રિય યોગદાન આપી શકતા નથી. તેના કારણે સરેરાશ દેશના વિકાસને જ મોટાપાયે નકારાત્મક અસર પડે છે.

ભારતમાં ખેતીને અને ખેતપેદાશોને નુકસાન થવાનું બીજું મોટું કારણ જંતુનાશકો અને રસાયણોનો અવિચારી ઉપયોગ પણ છે. તેના કારણે ખાદ્યાન્નમાં જંતુઓ તો મરી જ જાય છે પણ સાથે સાથે પોષણ પણ ઘટી જાય છે.

ખેડૂતો દ્વારા ફળો, શાકભાજીઓમાં આડેધડ રીતે જંતુનાશકોનો છંટકાવ કરવામાં આવી છે. તેના કારણે લાંબા સમયે લોકોને પોષણ મળવાના બદલે કેન્સર જેવી ગંભીર બિમારીઓ થતી હોવાના ચોંકાવનારા અહેવાલો આવ્યા છે. વૈજ્ઞાાનિક સંશોધનો જણાવે છે કે, જંતુનાશકો અને અન્ય રસાયણોનો અતિશય ઉપયોગ કર્યા બાદ તેના કેટલાક અંશ ફળો અને શાકભાજીમાં રહી જાય છે. આવા ફળો અને શાકભાજીના લાંબા સમય સુધી સેવન કરવાથી લોકોમાં વિવિધ બિમારીઓ વધે છે, મહિલાઓમાં હોર્મોનલ ચેન્જિસ થવા લાગે છે, કેન્સર, ફેફસા, લિવર વગેરેની સમસ્યાઓ પણ વધવા લાગે છે. ખેતીમાં ખેડૂતોને સ્વસ્થ, સ્વચ્છ વિકલ્પોની પૂરતી જાણકારની મળે તો આ સ્થિતિમાંથી બચી શકાય છે.

જૈવિક ખેતી અને ઓછા રસાયણોના ઉપયોગની ચર્ચા થાય છે પણ પાયાના સ્તર સુધી તેની માહિતી કે પદ્ધતિ પહોંચતા નથી અને તેથી કૃષિને ખાસ લાભ થતો નથી. ખેડૂતો પાયમાલ થતા જાય છે અને લોકોના સ્વાસ્થ્યને પણ નુકસાન થતું જાય છે.

ખેતીને મજબુત કરવાથી, ખેડૂત સમૃદ્ધ અને દેશ સ્વસ્થ બનશે દેશમાં છેલ્લાં એક દાયકાથી માત્ર વિકાસની વાતો થઈ રહી છે. આ વિકાસના નામે કોંક્રિટના જંગલો વિસ્તારવાનું કામ થઈ રહ્યું છે. ખેતરો, જંગલો કાપીને સાફ કરીને મોટા મોટા રસ્તા બનાવાઈ રહ્યા છે, એરપોર્ટ બનાવાઈ રહ્યા છે. આધુનિક યુગમાં રહેવા માટે આધુનિક સુવિધાઓ જોઈએ તે યોગ્ય છે પણ આધુનિકતાના નામે સંસ્કૃતિ અને ખેતીનો નાશ કરવો યોગ્ય નથી.

ભારતમાં લોકોને બે ટંક પૂરતું ભોજન મળતું નથી અને સરકાર હથિયારો ખરીદવામાંથી નવરી પડતી નથી. લોકની પાસે રહેવા માટે ઘર નથી, સારવાર માટે યોગ્ય સાધનો અને સંસાધનો નથી ત્યાં સરકારે પાકિસ્તાન અને ચીન સાથે યુદ્ધના ભયથી કરોડો રૂપિયાના હથિયારો ખરીદે છે. ભારત જેની સાથે સ્પર્ધામાં ઉતર્યો છે તે ચીન, અમેરિકા, જર્મની, જાપાન જેવા દેશોમાં ખેતીની અત્યાધુનિક પદ્ધતિ અપનાવાયેલી છે. ઈઝરાયેલ કે જેની પાસે જમીન નથી, ચોખ્ખું પાણી નથી છતાં ટેક્નોલોજીની મદદથી અદ્વિતિય ખેતી કરી રહ્યું છે. ચીનમાં ડ્રોન અને રોબોટ્સ દ્વારા ખેતરો ખેડવાથી માંડીને તેમાં બિયારણ નાખવા, ખાતર નાખવા અને તેનું ધ્યાન રાખવા જેવી તમામ કામગીરી કરવામાં આવે છે. તમામ મોટા દેશો દ્વારા પોતાની ખેતી અને ખેત ઉત્પાદનોને પ્રાધાન્ય આપીને વિકાસ કરવામાં આવી રહ્યો છે. લોકોને પૂરતું ભોજન મળે, પોષણયુક્ત ભોજન મળે અને સમાજના છેવાડાના લોકો સુધી આ ભોજન પહોંચે તે વ્યવસ્થા કરીને પછી દેશના વિકાસની વાતો કરવામાં આવી રહી છે. માત્ર પોસ્ટરોમાં, જાહેરાતોમાં કે પછી ભાષણોમાં વિકાસ થતો નથી. ગામડાનો અને ખેતીનો વિકાસ કર્યા વગર કોઈપણ દેશનો વિકાસ થતો નથી તે વાત ભારતે ભુલવી ન જોઈએ. ભારતનું અર્થતંત્ર જ ખેતી અને ખેતપેદાશો ઉપર વધારે નિર્ભર છે ત્યારે તો આ વાત ન જ ભુલવી જોઈએ. ભારતે જો મજબૂત, સક્ષમ અને સ્વસ્થ ભવિષ્ય ઈચ્છતું હોય તો ભોજનને માત્ર બજારની પ્રોડક્ટ નહીં પણ સાર્વજનિક અધિકાર જાહેર કરવો જોઈએ. દરેકને પોષણયુક્ત ભોજન મળે તેની વ્યવસ્થા અને તકેદારી રાખવી જોઈએ. તેના દ્વારા જ વાસ્તવિક વિકાસનો પાયો મજબૂત થશે અને દેશ આગળ વધશે.

# આગેવાનીના ગુણ સાથે બાબુભાઈ પટેલ કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ અને પર્યાવરણ સુરક્ષા ક્ષેત્રે ૬૩ વર્ષનો લાંબો અનુભવ ધરાવે છે

બાબુભાઈ પટેલ ઉંમરના ૮૬ વર્ષ (૭-૯-૧૯૩૯) પૂર્ણ કરીને ૮૭ માં વર્ષમાં પ્રવેશ કરી ચુક્યા છે. પરંતુ આજે પણ નિયમિત રીતે તેમની ઓફિસમાં પૂર્ણ સમય માટે કાર્ય કરે છે. લખાતી ઘડીએ તેમનો હાથ ધ્રૂજતો નથી. યાદશક્તિ આજે પણ ખુબ જ તીવ્ર છે.તેમની કાર્ય કરવાની દ્રઢતા અને સ્ફૂર્તિ આજે પણ યુવાનોને શરમાવે તેવી છે. ઈન્ડસ્ટ્રીઝને મદદરૂપ થવાની તેમની કાર્યશૈલી તેમજ ઉદ્યોગોના પ્રશ્નોના નિવારણ માટે તેમનો લડાયક મિજાજને લઈને ઉદ્યોગજગતમાં લોકપ્રિય છે.

ઈન્ડસ્ટ્રીઝનો તેમને ૬૩ કરતા પણ વધુ વર્ષનો અનુભવ છે. ૮૦ ના દાયકાથી જ નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન સાથે તેમનું નામ જોડાયેલું છે. નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટના વિકાસમાં તેમનો અનન્ય ફાળો છે. તેમની સેવાઓને બિરદાવીને તેમને આજીવન નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના ચેરમેન નિયુક્ત કર્યા છે.


તેમણે ૧૯૬૨ માં બોમ્બે યુનિવર્સિટીમાંથી ઓર્ગનિક કેમેસ્ટ્રીમાં M. Sc. ની પદવી મેળવેલ છે. તેમણે કેમિકલ ઉત્પાદન અને પર્યાવરણ નિયંત્રણ ક્ષેત્રે અભૂતપૂર્વ યોગદાન આપેલ છે. તેઓનું બલ્ક ડ્રગ અને ડાઇઝમાં પ્લાન્ટ સ્થાપવા, ટર્નકી પ્રોજેક્ટ ઉભા કરવા તેમજ કંપનીઓમાં ટકાઉ પર્યાવરણીય ટેકનોલોજી પુરી પાડવામાં અનન્ય યોગદાન છે.બીજા શબ્દોમાં કહીએ તો તે તેમના શોખના વિષય રહ્યા છે અને તેમાં તેમને મન મૂકીને કાર્ય કર્યું છે. પરિણામ સ્વરૂપ તેમનું કામ દીપી ઉઠ્યું છે. શોખના વિષયનું કામ કરવા મળતું હોવાને લઈને જ આ ઉંમરે પણ તેઓ કાર્યરત છે અને કામ કરવાનો અલૌકિક આનંદ લૂંટી રહ્યા છે.

તેઓ ૧૯૬૨ થી ૧૯૬૪ દરમ્યાન મુંબઈની રામનારાયણ રૂઈયા કોલેજમાં ઓર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં વ્યાખ્યાન આપ્યા અને આવનારી પેઢીના વૈજ્ઞાનિક પ્રતિભાને પ્રોત્સાહન આપ્યું.

૧૯૬૪ – ૧૯૬૯ દરમ્યાન મુંબઈની રૂર કેમિકલ્સ કંપનીમાં ભાગીદારી કરી અને ઔદ્યોગિક ઉત્પાદનનો મજબૂત અનુભવ મેળવ્યો.

૧૯૬૯-૧૯૭૫ દરમ્યાન પોતાના જ્ઞાન અને ઉત્પાદન અનુભવનો ઉપયોગ કરી દેશના વિવિધ રાજ્યો (મુંબઈ-મહારાષ્ટ્ર, બિહાર, દિલ્હી, હરિયાણા, ગુજરાત) અને વિદેશ (વેસ્ટઈંડીઝ, ત્રિનિદાદ) માં બલ્ક ડ્રગ અને ડાઇઝ પ્લાન્ટો માટે સફળ ટર્નકી પ્રોજેક્ટ કન્સલટન્સી કરી અને બહોળો અનુભવ પણ મેળવ્યો.

૧૯૭૫માં વડોદરા આવ્યા અને નંદેસરી ખાતે કેનબરા કેમિકલ નામનું યુનિટ ભાગીદારીમાં શરુ કર્યું. આ યુનિટ ૫૦ વર્ષની લાંબી મઝલ કાપીને આજે પણ કાર્યરત છે. કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં કોઈ સ્મોલ સ્કેલ યુનિટને ૫૦ વર્ષ સુધી નિરંતર કાર્યરત રાખવું તે પણ એક ચેલેન્જ છે. સતત બદલાતા જતા માર્કેટ પ્રવાહો, બદલાતી જતી ટેક્નોલોજી અને મોટી કંપનીઓ સાથેની હરીફાઈ કસોટીની એરણ પર મૂકે છે. એક જ પેઢી દ્વારા ૫૦ વર્ષ સુધીનું સંચાલન પણ અનન્ય છે. સામાન્ય રીતે ૫૦ વર્ષની કંપનીમાં ત્રીજી પેઢી સંચાલનમાં જોતરાઈ હોય છે.



Mr. Babubhai C. Patel
98240 01925

તેમનામાં નેતૃત્વના ગુણ શરૂઆતથી જ હતા. તેઓ નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન સાથે શરૂઆતથી જ જોડાયેલા રહ્યા. વર્ષ ૧૯૯૪ માં નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ બન્યા. એસ્ટેટના પ્રશ્નો હોય કે પછી નાની મોટી ઈન્ડસ્ટ્રીઝના પ્રશ્નો હોય સરકારમાં અસરકારક રજુઆત અને હકારાત્મક પરિણામ સુધી પહોંચાડવાની તેમની કુનેહને લઈને ઉદ્યોગ આલમમાં અલગ સ્થાન જમાવ્યું. ખાસ તો કેમીકલ ઈન્ડસ્ટ્રીઝમાં પર્યાવરણને લગતા પ્રશ્નો વિશેષ હોય છે. ખાસ તો કેમેસ્ટ્રીનું અને કેમિકલ ટેક્નોલોજીમાં તેઓ ઊંડું જ્ઞાન ધરાવે છે. તેથી પ્રશ્નની અસરકારક રજુઆત કરવામાં જમા પાસું સાબિત થયું. નંદેસરી જ નહીં પરંતુ બીજા એસ્ટેટના ઉદ્યોગકારો પણ તેમના પ્રશ્નોના ઉકેલ માટે તેમની સલાહ લેવા માટે આવે છે.

નંદેસરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા કમિટીના સભ્યોના સહકારથી એસ્ટેટના વિકાસમાં સતત કાર્યશીલ રહ્યા. NIA દ્વારા તેમને આજીવન ચેરમેન બનાવાયા છે. જે એસ્ટેટ માટેની તેમની પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

ગુજરાતમાં ૧૯૯૮માં TSDF સાઈટ નંદેસરી ખાતે કાર્યરત કરવામાં આવી. તે વખતે TSDF સાઈટ બનાવવાનો વિચાર નવો હતો. નંદેસરી તેમાં અગેસર હતું. નંદેસરી એન્વાયરમેન્ટ કંટ્રોલ લીમીટેડ (TFDS SITE )ના ૧૯૯૬ થી ચેરમેન છે જે આજ પર્યન્ત ચેરમેન તરીકે કાર્યરત છે. TSDF સાઈટના વેસ્ટને સીમેન્ટ ઈન્ડસ્ટ્રીઝમાં મોકલવાની શરૂઆત કરવામાં આવી. સમય જતા તેમાં પણ અનેક ટેકનીકલી બદલાવ કરવામાં આવ્યા. આજે એક મોડેલ TFDS સાઈટ તરીકે અગ્રેસર છે.

નંદેસરી એસ્ટેટમાં કાર્યરત ૧૨ MLD ક્ષમતાના કોમન એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ૧૯૯૪ થી ચેરમેન તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. પ્લાન્ટનું નવી ટેક્નોલોજી મુજબ સતત અપગ્રેડેશન કરવામાં તેમનું મહત્વનું યોગદાન છે. અત્યારે રિવર્સ ઓસ્મોસીસ (RO ) અને મીકેનીકલ વેપર રીકોમ્પ્રેસન (MVR ) દ્વારા ઝીરો લીકવીડ ડીસ્ચાર્જ (ZLD) બનાવવાનો પ્રોજેક્ટ કાર્યરત છે તેનું નેતૃત્વ કરી રહ્યા છે.

નંદેસરી ખાતે પોલ્યુશન એડવાઈઝરી કમિટીમાં ૧૯૮૭ થી ચેરમેન છે.

તેઓએ વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૧ દરમ્યાન ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યો છે.

પર્યાવરણ ક્ષેત્રે તેમના વિશાળ અનુભવને ધ્યાનમાં રાખીને

ગુજરાત હાઈકોર્ટ દ્વારા જટિલ પર્યાવરણીય કેસોમાં સ્વતંત્ર તકનિકી નિષ્ણાતી અને માહિતી પૂરી પાડવા માટે તેમની નિયુક્તિ કરવામાં આવી હતી.

ઈન્ટરનેશનલ સેન્ટર ફોર એન્વાયરમેન્ટ ટેક્નોલોજી ટ્રાન્સફર (ICETT) દ્વારા આમંત્રિત થઈ GPCB અને પર્યાવરણ અને વન મંત્રાલય સાથે ૧૯૯૭ માં પ્રતિનિધિ મંડળના સભ્ય તરીકે જાપાન ગયેલા. કેમિકલ પ્રોસેસ દરમ્યાન નીકળતા પદાર્થોને કચરો (વેસ્ટ)કે ઉપઉત્પાદન (બાય પ્રોડક્ટ) તરીકે ઓળખવા માટે CPCB ફ્રેમવર્કની તકનિકી સમિતિમાં જીપીસીબી કમિટીમાં નિષ્ણાત સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી હતી. યુવાન જેવા ઉત્સાહથી અને જુસ્સાથી આજે પણ તેઓ કાર્ય કરી રહ્યા છે. તેમને કાર્ય કરતા જોતા આપણામાં પણ અનન્ય ઉત્સાહ ઉભરી આવે તેવી તેમની આભા છે.

# પ્રદૂષકો નું રિયલ-ટાઈમ મોનિટરિંગ કરવા મોનિટરિંગ વાનની ફાળવણી

હવાના પ્રદૂષણ પર નજર રાખવા માટે રાજ્યની જીઆઇડીસીઓમાં મોનિટરિંગ વાનની ફાળવણી કરી છે. રૂપિયા ૫.૭૬ કરોડથી વધુના ખર્ચે બે આધુનિક મોબાઈલ વાન કાર્યરત કરી છે. બંને વાનમાં વિવિધ વાતાવરણીય પ્રદૂષકો નું રિયલ-ટાઈમ મોનિટરિંગ કરવાના સાધનો સહિતની સુવિધાઓ ઉપલબ્ધ છે.

અંકલેશ્વર જીપીસીબીના પ્રાદેશિક અધિકારી ડો. જીજ્ઞા ઓઝાએ જણાવ્યું હતું કે, મધ્ય અને દક્ષિણ ગુજરાત માટે એક વાનની ફાળવણી કરવામાં આવી છે. જે વડોદરા, ગોધરા, ભરૂચ, અંકલેશ્વર, વલસાડ, સુરત, નવસારી, વાપી અને સરીગામમાં હવા અને પાણી ગુણવત્તાની મોનિટરિંગ કામગીરી કરી રહી છે. મોબાઈલ વાનમાં આધુનિક વિશ્લેષણ ઉપકરણો, ડિટેક્ટર અને પોર્ટેબલ સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાંથી જે તે વિસ્તારની હવા અને પાણીની ગુણવત્તાના માપન કરવામાં આવી રહ્યું રહ્યું છે. છે. ગેસ ગેસ લીક જેવી આકસ્મિક અથવા આપાતકાલીન પરિસ્થિતિ સર્જાય ત્યારે આ વાન ઘટનાસ્થળે પહોંચીને તાત્કાલિક પર્યાવરણીય સ્થિતિનું વિશ્લેષણ કરવા માટે સક્ષમ છે.

જો કે સૌની ભાગમાં હોવાથી આ વેન એક મહિનો અંકલેશ્વર રોકાશે. જેમાં ૧-૧૫ તારીખના શિડ્યુલમાં કોમન ઈન્ફ્રાસ્ટ્રચરમાં કાર્ય કરશે. ત્યાંના રિઝલ્ટ મેળવશે. ત્યારબાદ ૧૬-૩૧ મોટી કોર્પોરેટ કંપનીઓમાં રહેશે અને ત્યાંના ડેટા મેળવશે.

જો કે કેમિકલ ઈન્ડસ્ટ્રીઝના વધતા ભારણને જોતા અંકલેશ્વર અને ભરૂચની પ્રાદેશિક કચેરીઓને કાયમી ધોરણે મોનીટરીંગ વેન ફાળવવી જરૂરી છે.

# RSSએ શતાબ્દી વર્ષ નિમિત્તે સંપર્ક અભિયાન શરૂ કર્યું:અંકલેશ્વરમાં 'ઘર ઘર સંપર્ક અભિયાન'નો પ્રારંભ



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) દ્વારા તેના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે અંકલેશ્વરમાં ઘર ઘર સંપર્ક અભિયાન'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત લોકોને 'પંચ પરિવર્તન' પ્રકલ્પના ઉદેશ્યો વિશે માહિતી આપવામાં આવી રહી છે. આ અભિયાનનો શુભારંભ અંકલેશ્વર તાલુકાના પિરામણ ગામથી કરવામાં આવ્યો હતો. ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી રાજેશ્વર મહારાજની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમ દરમિયાન, 'પંચ પરિવર્તન' પ્રકલ્પના ઉદ્દેશ્યો અને તેના સામાજિક મહત્વ અંગે લોકોને વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. આ પ્રકલ્પનો મુખ્ય હેતુ સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાનો છે.

આ પ્રસંગે અંકલેશ્વર તાલુકાના વિવિધ ક્ષેત્રોમાંથી મોટી સંખ્યામાં સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જણાવ્યા અનુસાર, આ અભિયાન દ્વારા સંઘના શતાબ્દી વર્ષની ભાવનાને જનજન સુધી પહોંચાડવાનો અને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# અંકલેશ્વર ONGC કોલોની ખાતે ડૉ. આંબેડકરના નિર્વાણ દિને કાર્યક્રમ



અંકલેશ્વર : ડો.બાબા સાહેબ આંબેડકરના ૬૯માં નિર્વાણ દિન નિમિત્તે અંકલેશ્વર ઓએનજીસી અને ઓલ ઈન્ડિયા એસી એસટી એમ્પ્લોઈઝ વેલ્ફેર એસોસિએશન દ્વારા ONGC ઓડિટોરિયમ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. આ ઉજવણી પ્રસંગે એસેટ મેનેજર જે.એન સુખનંદન અને વક્તા વિજય ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં વાલિયા ગડખોલ સહિત ત્રણ માધ્યમિક શાળાના ૧૨૦ જેટલા બાળકોને ઉપસ્થિત મહેમાનોના હસ્તે બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઓલ ઈન્ડિયા એસી એસટી એમ્પ્લોઈઝ વેલ્ફેર એસોસિએશનના પ્રમુખ અમીત વસાવા,સેક્રેટરી સંજય પરમાર સહીતના હોદેદારી ઓએનજીસીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નૌગામા રોકડીયા હનુમાન મંદિરે નર્મદા પરિક્રમાવાસીઓ માટે હોલ બનશે:ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ ખાતમુહૂર્ત કર્યું

અંકલેશ્વર તાલુકાના નૌગામા ગામે આવેલા રોકડીયા હનુમાન મંદિરે નર્મદા પરિક્રમાવાસીઓ માટે એક હોલનું નિર્માણ કરવામાં આવશે. આ હોલના નિર્માણ માટે જિલ્લા પંચાયત દ્વારા રૂપિયા ૩૭ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. ધારાસભ્ય રમેશ મિસ્ત્રીના હસ્તે આ કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખ મહેન્દ્રસિંહ વાંસદીયા, ભરૂચ જિલ્લા ભાજપના પ્રમુખ પ્રકાશ મોદી, સિંચાઈ સમિતિના ચેરમેન કિરીટ માસ્ટર સહિતના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

નર્મદા પરિક્રમા માટે આવતા શ્રદ્ધાળુઓને રહેવા, આરામ કરવા અને સુરક્ષિત નિવાસની સુવિધા મળી રહે તે હેતુથી સરકાર દ્વારા વિવિધ સ્થળોએ આવા હોલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં હાંસોટ તાલુકાના હનુમાન ટેકરી ખાતે પણ રૂપિયા ૩૩ લાખના ખર્ચે નર્મદા પરિક્રમાવાસીઓ માટે હોલના નિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે. આવા નિર્માણકાર્યોથી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના સેંકડો નર્મદા પરિક્રમાવાસીઓને લાભ મળશે. મધ્યપ્રદેશ બાદ હવે ગુજરાતમાં પણ નર્મદા પરિક્રમા માટેની સુવિધાઓમાં સતત વધારો થઈ રહ્યો છે, જે પરિક્રમાવાસીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થશે.

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
SPITMAAN® Sealflex™ Jointing Sheet
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# GNFC બોર્ડ દ્વારા રૂપિયા ૪૫૦ કરોડના એમોનિયમ નાઈટ્રેટ મેલ્ટ વિસ્તરણને મંજૂરી

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સએ તેના ઈન્ડસ્ટ્રીયલ એક્સપ્લોઝિવ સેગમેન્ટમાં મોટા વિસ્તરણ માટે બોર્ડની મંજૂરી મળ્યાની જાહેરાત કરી છે. રૂપિયા ૪૫૦ કરોડના એમોનિયમ નાઈટ્રેટ મેલ્ટ–II પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. જેના કારણે ૧,૬૩,૦૦૦ ટન પ્રતિ વર્ષ નવી ઉત્પાદન ક્ષમતા ઉમેરાશે. આ વિસ્તરણ GNFCની હાલની ઉત્પાદન ક્ષમતાની સરખામણીએ આશરે ૯૪ ટકા નો નોંધપાત્ર વધારો દર્શાવે છે.

આ પ્રોજેક્ટ જુલાઈ ૨૦૨૭ આસપાસ કમિશન થયા બાદ GNFCની કુલ AN મેલ્ટ ઉપલબ્ધતા 3,38,000 TPA સુધી પહોંચી જશે, જેના પરિણામે કંપની ભારતના માઈનિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર માટે મુખ્ય સપ્લાયર તરીકે પોતાની સ્થિતિ વધુ મજબૂત બનાવશે. આ પ્રોજેક્ટ રૂપિયા ૨,૮૦૦ કરોડના કુલ કેપેક્સ પ્લાનનો ભાગ છે, જેમાં વીક નાઈટ્રિક એસિડ પ્રોજેક્ટ (રૂપિયા ૧,૪૨૦ કરોડ), દહેજ પાવર અને સ્ટીમ કન્વર્ઝન પ્લાન્ટ (રૂપિયા ૬૧૩ કરોડ) તથા એમોનિયા લૂપ વિસ્તરણ (રૂપિયા ૩૩૧ કરોડ) નો સમાવેશ થાય છે.

કંપનીએ સ્પષ્ટ કર્યું કે નવો AN મેલ્ટ યુનિટ, ગયા વર્ષના ઓગસ્ટમાં મંજૂર થયેલ અપસ્ટ્રીમ વીક નાઈટ્રિક એસિડ પ્રોજેક્ટ સાથે સંપૂર્ણ રીતે સંકલિત છે. જેથી અપસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ ક્ષમતાનો સુમેળભર્યો વધારો શક્ય બને.

GNFCના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર ડી.વી. પરીખએ Q2 FY26 ની અર્નિંગ કોન્ફરન્સ કોલ દરમિયાન જણાવ્યું હતું કે, આ ડાઉનસ્ટ્રીમ પ્રોજેક્ટ છે. જેના માટે અપસ્ટ્રીમ ગયા વર્ષના ઓગસ્ટમાં જ મંજૂરી મળી ચૂકી હતી. અમારો પ્રયાસ છે કે બંને પ્રોજેક્ટનું ટાઈમિંગ એકસાથે આવે. જેથી ડાઉનસ્ટ્રીમ પ્રોડક્ટ્સ અપસ્ટ્રીમ ઉત્પાદનોને યોગ્ય રીતે આવરી શકે.

હાલમાં GNFC બે સ્ટ્રીમ્સ મારફતે 1,75,000 TPA AN મેલ્ટ ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. નાઈટ્રિક એસિડ અને એમોનિયા જેવી અપસ્ટ્રીમ ક્ષમતાને વિસ્તૃત AN મેલ્ટ ઓપરેશન્સ સાથે સંકલિત કરીને, GNFC પોતાની ઈન્ટિગ્રેટેડ કેમિકલ વેલ્યુ ચેઈનને વધુ મજબૂત બનાવી રહી છે તથા દેશના ઈન્ડસ્ટ્રીયલ એક્સપ્લોઝિવ ઈકોસિસ્ટમમાં મુખ્ય ભૂમિકા મજબૂત કરી રહી છે.

ભારતમાં AN મેલ્ટનો ઉપયોગ વિવિધ ઔદ્યોગિક ક્ષેત્રમાં થાય છે, જેમાં મુખ્ય વપરાશ માઈનિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં થાય છે. અહીં તેનો ઉપયોગ બલ્ક ઈમલ્શન એક્સપ્લોઝિવ બનાવવા માટે થાય છે. જે કોયલા, આયર્ન ઓર, લાઈમસ્ટોન અને મેટલ માઈનિંગ માટે આવશ્યક છે. આ ઉપરાંત, હાઈવે, ટનલ, મેટ્રો કોરિડોર અને મોટા અર્થવર્ક પ્રોજેક્ટ્સમાં નિયંત્રિત બ્લાસ્ટિંગ માટે પણ તેનો વ્યાપક ઉપયોગ થાય છે. ક્વેરીંગ અને એગ્રેગેટ્સ ઉદ્યોગમાં સિમેન્ટ, કોંક્રિટ અને રોડ બાંધકામ માટે જરૂરી પથ્થર અને એગ્રેગેટ ઉત્પાદન માટે AN મેલ્ટ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નાગરિક ઉદ્યોગો ઉપરાંત, ડિફેન્સ અને ઓર્ડનન્સ સેક્ટરમાં પણ નિયમિત એક્સપ્લોઝિવ ફોર્મ્યુલેશન્સ માં મુખ્ય ઓક્સિડાઈઝ તરીકે તેનો ઉપયોગ થાય છે.

કંપનીએ પુનરાવર્તન કર્યું કે નબળી વ્યાવસાયિક શક્યતાને કારણે પ્રિલ્ડ (સોલિડ) એમોનિયમ નાઈટ્રેટ તરફ શિફ્ટ થવાને બદલે તે મેલ્ટ ફોર્મ પર જ ફોકસ રાખશે. અગાઉ થયેલા વિલંબ છતાં, GNFC એ ખાતરી આપી છે કે સુધારેલ સમયપત્રક અનુસાર અપસ્ટ્રીમ અને ડાઉનસ્ટ્રીમ ક્ષમતાઓ વચ્ચે આદર્શ સુમેળ સાધવા માં આવશે. આ સાથે, કંપની બિસ્ફેનોલ-એ (150 KTPA) અને પોલિઓલ (100 KTPA) જેવા પ્રોજેક્ટ્સમાં પણ રોકાણ પર વિચાર કરી રહી છે. જેની કુલ કિંમત અંદાજે રૂપિયા ૭,૦૦૦–૮,૦૦૦ કરોડ હોઈ શકે છે.

# પ્રબોધ પટેલ અંકલેશ્વર નોટીફાઈડ સંચાલક મંડળના ચેરમેન બન્યા



ઉદ્યોગ અગ્રણી પ્રબોધ પટેલ અંકલેશ્વર નોટિફાઈડ સંચાલક મંડળના ચેરમેન બન્યા છે. તેઓ અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના તેમજ ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ગુજરાતના પૂર્વ પ્રમુખનું પદ સંભાળી ચૂક્યા છે. તેઓ ETL તેમજ AWML ના ડિરેક્ટર છે. દહેજ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન સાથે પણ તેઓ જોડાયેલા છે. તેઓ અંકલેશ્વર ખાતે કાંગારૂ ઈન્ડસ્ટ્રીઝ અને દહેજ ખાતે કંપની ધરાવે છે. તારીખ ૧૫ મી ડિસેમ્બરે તેમનો શપથ ગ્રહણ સમારોહ યોજાઈ ગયો. જેમાં મોટી સંખ્યામાં ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતા. તેમને જણાવ્યું હતું કે ખાસ કરીને તેઓ પર્યાવરણ અને જીઆઈડીસીના બ્યુટીફિકેશનને પ્રાધાન્ય આપશે.

# ભરૂચ જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર એન. આર. ધાંધલનો વિદાય સમારંભ યોજાયો





ભરૂચ જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર એન.આર. ધાંધલની રાજ્ય સરકાર દ્વારા બદલી થતાં, ગતરોજ કલેક્ટર કચેરી, ભરૂચ ખાતે વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે કલેક્ટર ગૌરાંગ મકવાણાએ એન.આર. ધાંધલના જિલ્લામાં આપેલા યોગદાનની પ્રશંસા કરી અને તેમની નવી નિમણૂક માટે શુભકામનાઓ પાઠવી હતી. સમારંભમાં જિલ્લાના પ્રાંત અધિકારીઓ, નાયબ કલેક્ટરઓ, મામલતદારઓ તથા જિલ્લા સેવાસદનના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ તેમને સ્મરણિય અને સન્માનસભર વિદાય આપી હતી.

ભરૂચ જિલ્લામાં ત્રણ વર્ષના સેવાકાળ દરમિયાન તેઓશ્રીએ નોંધપાત્ર કામગીરી કરી હતી. શ્રી એન.આર. ધાંધલની તા. ૧૭/૦૮/૨૦૨૨ના રોજ ભરૂચ જિલ્લામાં નિવાસી અધિક કલેક્ટર તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. દરમિયાન જિલ્લામાં વિવિધ વહીવટી જવાબદારીઓ સફળતાપૂર્વક નિભાવતા તેમણે અનેક વિકાસ કાર્યોને પ્રોત્સાહિત કર્યા. હોદ્દાની રૂએ બૌડાના મુખ્ય કારોબારી અધિકારી તરીકેની ફરજ બજાવતા તેમણે ભરૂચ શહેર માટે અનેક મહત્વપૂર્ણ વિકાસ કાર્યોનું સુચારુ આયોજન અને અમલીકરણ કર્યું હતું, જેને કારણે શહેરને ગુણાત્મક વિકાસની દિશામાં આગળ વધારવામાં મદદ મળી હતી.

એન.આર. ધાંધલ તા. ૦૯/૧૨/૨૦૨૫ના રોજ ભરૂચ જિલ્લામાંથી વિદાય લઈ ગાંધીનગર ખાતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાના કાર્યાલયમાં અંગત સચિવ તરીકે નવી જવાબદારી સંભાળશે.

જિલ્લા વહીવટીતંત્ર, અધિકારીઓ અને કર્મચારીઓએ તેમની નવી ભૂમિકામાં સફળતા પ્રાપ્તિ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# અંકલેશ્વર : પાનોલીમાં GPCB દ્વારા લોક દરબાર યોજાયો



અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસી ખાતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આસપાસના ગ્રામજનોએ વાયુ અને જળ પ્રદૂષણની ફરિયાદોનો મારો ચલાવતા અધિકારીઓએ સ્થળ મુલાકાત કરી હતી. અંકલેશ્વરની પાનોલી GIDC ખાતે નોટિફાઈડ એરીયા ઓથોરિટીની કચેરીમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ GPCBના પ્રાદેશિક અધિકારી ડો.જિજ્ઞાસા ઓઝાની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો હતો. લોક દરબારમાં ઉમરવાડા, સંજાલી, ખરોડ, આલુજ અને પાનોલી સહિતના આસપાસના ગામોના ગ્રામજનો હાજર રહ્યા હતા. લોક દરબારમાં જળ અને વાયુ પ્રદૂષણ અંગે ગ્રામજનો દ્વારા અધિકારીઓને રજૂઆત કરવામાં આવી હતી. ગ્રામજનો દ્વારા ઉમરવાડા ગામની વનખાડી અંગે રજૂઆત કરતા જણાવાયું હતું કે અગાઉ પશુઓના પીવા અને ખેતી માટે ઉપયોગમાં લેવાતું પાણી હવે કેમિકલયુક્ત પાણીમાં ફેરવાઈ ચૂક્યું છે. સંજાલી ગામના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે એન્જિનિયરિંગ ઝોનને કેમિકલ ઝોનમાં ફેરવ્યા બાદ આગ લાગવાની ઘટનાઓમાં વધારો થયો છે. તાજેતરમાં આગની ઘટનામાં ગેસ લીકેજ થવાથી કેટલાક રહીશો ઘરો ખાલી કરવા મજબૂર બન્યા હોવાની માહિતી આપવામાં આવી હતી. ખરોડ અને પાનોલી ગામના આગેવાનોએ GIDC વિસ્તારમાંથી આવતી ઝેરી ગેસ અને દુર્ગંધ અંગે ગંભીર ફરિયાદ કરી હતી. લોક દરબારના અંતે અધિકારીઓએ તમામ ફરિયાદોની સત્તાવાર નોંધ લઈ સ્થળ તપાસ કરી હતી અને જવાબદાર ઉદ્યોગો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. આ બેઠકમાં પાનોલી ઉદ્યોગ મંડળના હોદ્દેદારો અને જીઆઈડીસીના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER

Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work, Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002